# કર્મ કરતાં કરતાં કરેલી ઈશ્વરની યાદ જ સર્વોત્તમ

બ્રહ્માકુમાર પ્રફુલચંદ્ર શાહ; મો ૯૮૨૫૮૯૨૭૧૦



એક વખત નારદજી એ વિષ્ણુજી ને પુછ્યું – સંસારમાં સૌથી વધારે તમને કોણ યાદ કરે છે? જવાબમાં વિષ્ણુજી કહ્યું- દિવસભર ખેતરમાં ખેતી કરતો ખેડૂત. નારદજીને આશ્ચર્ય થયું. પારખું કરવા નારદજી વેષ બદલી ખેતી કરતાં ખેડૂત પાસે જાય છે અને ચકાસણી કરે છે કે તે કેટલી વખત ઈશ્વરને યાદ કરે છે. તપાસ કરતાં માલૂમ પડે છે કે તેણે તો દિવસમાં ભગવાનને ત્રણ જ વખત યાદ કર્યા. નારદજી વિષ્ણુજી પાસે આવી કહે છે કે ખેડૂતે તો તમને ફક્ત ત્રણ જ વખત યાદ કર્યા અને હું તો તમને આખો દિવસ યાદ કર્યા કરું છું. શું મારી યાદ સૌથી વધારે ના ગણાય? વિષ્ણુજી એ નારદને તેલ થી ભરેલો એક વાટકો આપ્યો અને કહ્યું કે આ વાટકો હાથમાં લઈ આખી સૃષ્ટિમાં ચક્કર લગાવી પાછા ફરવાનું છે, પરંતુ ધ્યાન એ રાખવાનું છે કે તેલ સહેજ પણ ઢોળાય નહીં. નારદજી કહ્યા મુજબ ચક્કર લગાવી પરત ફર્યા. વિષ્ણુજી એ પુછ્યું તમને મારી યાદ કેટલી વખત આવી? નારદજીએ ઉત્તર આપ્યો- મારુ સમગ્ર ધ્યાન તેલ પર હતું એટલે આજે હું તમને એક પણ વખત યાદ કરી શક્યો નથી. હસી ને વિષ્ણુજી બોલ્યા જે પોતાના કર્તવ્યોનું પાલન કરતાં કરતાં મને યાદ કરે છે તેજ શ્રેષ્ઠ છે. તેજ સાચો કર્મયોગી છે.

ગીતાના અધ્યાય ત્રણનો પણ સાર રૂપમાં આજ સંદેશ છે કે પ્રવૃત્તિમાં રહી, ગૃહસ્થને સંભાળી, નિષ્ઠાપૂર્વક, સાક્ષીભાવે, લોભ રહિત થઈ, ઈશ્વરની યાદમાં કરેલું દરેક કર્મ શ્રેષ્ઠ છે. એમાં પણ આત્મિક સ્મૃતિમાં સ્થિત થઈ, મન-બુધ્ધિ-સંસ્કારને નિયંત્રણમાં રાખી, વિકારોથી અલિપ્ત રહી કરેલું દરેક કર્મ સર્વોત્તમ સુકર્મ છે. ઇન્દ્રિયો દ્વારા વિવિધ કર્મ કરવા છતાં આત્માના તેમજ પરમાત્માના ચિંતનમાં રહેવું તે જ યથાર્થ કર્મયોગ છે. આવો બીજું એક સાચા કર્મ યોગીનું દ્રષ્ટાન જોઈએ.

એક જગ્યાએ એક સન્યાસી અને એક કસાઈ આમને સામને રહેતા હતા. બંને જણ પોત પોતાનું કામ કરે રાખતા હતા. પરંતુ કસાઈ હમેશાં વિચારતો હતો કે સન્યાસી કેટલો ભાગ્યવાન છે કે જે પરમાત્માને નિરંતર યાદ કર્યા કરે છે. કસાઈના મનમાં હમેશાં સન્યાસી માટે સારા વિચારો આવતા. વચ્ચે વચ્ચે તે સન્યાસીના સત્સંગમાં બેસીને સારી સારી વાતો પણ સાંભળતો હતો. બીજી બાજુ સન્યાસી હમેશાં કસાઈની નિંદા કરતો રહેતો હતો અને તેની બુરાઇઓનું ચિંતન કરતો રહેતો હતો. જ્યારે બન્નેનું અવસાન થયું ત્યારે ધર્મરાજે સન્યાસીને પુછ્યું તે કયા કયા સારા કામ કર્યા છે? સન્યાસી જવાબ આપ્યો- મારી સામે જે કસાઈ રહેતો હતો તે બહુજ ખરાબ કામ કરતો હતો તે પાપીને જરૂરથી નર્કમાં મોકલજો. ધર્મરાજે ફરીથી સન્યાસીને પુછ્યું- તું કસાઈની વાત છોડ, તે કરેલા કર્મની વાત કરને. છતાં પણ સન્યાસી કસાઈની જ વાત કરતો રહ્યો. જ્યારે ધર્મરાજે એજ પ્રશ્ન કસાઈને પૂછ્યો ત્યારે તેણે જવાબ આપ્યો કે-મારો ધંધો તો જરૂર ખરાબ હતો પરંતુ સન્યાસીની સારી સારી વાતો સાંભળી તેને જીવનમાં ઉતારવાનો પ્રયાસ જરૂર કરતો હતો. મનથી પરમાત્માની માફી પણ માંગતો હતો. પરિણામ એ હતું કે ધર્મરાજે સન્યાસીને નર્કમાં મોકલી દીધો અને કસાઈને સ્વર્ગમાં મોકલી દીધો.

ઉપરોક્ત બોધ વાર્તાનો મર્મ એજ કે તમે શું કર્મ કે પ્રવૃત્તિ કરો છો તે એટલુ મહત્વનુ નથી. તમે તે કર્મ કેવી રીતે કરો છો, કેવા ભાવથી કરો છો તે મહત્વનુ છે. કેટલાક લોકો ઈશ્વરની આરાધના કરવા કે ઈશ્વરની પ્રાપ્તિ અર્થે પોતાની પ્રવૃત્તિનો, નોકરી ધંધાનો કે ઘરબારનો ત્યાગ કરતાં હોય છે. કેટલાંક જંગલોમાં કે ગુફા-કંદરાઓમાં ચાલ્યા જતાં હોય છે .આપણે વાનપ્રસ્થ હોઈએ અને કદાચ આ બધુ કરતાં હોઈએ તો આ પ્રકારનો ત્યાગ કદાચ ઈશ્વરની વધુ

નજીક જવા માટે મદદ રૂપ થઈ શકે છે. પરંતુ આ પ્રકારનો ત્યાગ ઈશ્વર પ્રાપ્તિ માટે અનિવાર્ય નથી. જે ગૃહસ્થી છે તેમજ ગૃહસ્થને સંભાળવા પોતાની ફરજો નિષ્ઠા પૂર્વક અદા કરે છે તે જ સફળ તેમજ સાર્થક જીવનની લાયકાત ધરાવે છે.

ચંદ્રગુપ્તને શિક્ષા તેમજ તાલીમ આપી તૈયાર કરનાર ચાણક્યને જ્યારે એવો પ્રશ્ન પૂછવામાં આવ્યો કે તમે પોતે જ સર્વ રીતે યોગ્ય છો તો પછી ચંદ્રગુપ્ત ને કેમ રાજા બનાવવા માંગો છો? ચાણક્યે કહ્યું – રાજા સામાજિક જીવન જીવવા વાળો, પત્ની, પુત્ર, પુત્રીઓથી સંપન્ન અને સમૃદ્ધ વ્યક્તિ જ હોવો જોઈએ. જેથી તે દરેકના દુ:ખ ને સમજી શકે અને લોકો સાથે સાચો વ્યવહાર કરી શકે. તેથી હું સન્યાસી હોવાથી આ પદ માટે અનુકૂળ નથી . જે રાજા નો પરિવાર જ નથી તે રાજા લોકો ની મુશ્કેલી શું સમજે ?

ઈશ્વરે આપણને આ ધરતી પર પ્રવૃત્તિમાં રહી, ગૃહસ્થને સંભાળી વિશ્વ નાટકમાં પાર્ટ ભજવવા માટે મોકલ્યા છે. માનવ જીવનનું લક્ષ જ શ્રેષ્ઠ કર્મ કરી જીવનને સાર્થક કરવાનું છે. સતકર્મોનું ભાથું એકત્રિત કરી આગલા જન્મો સુધારવનું છે. વિશ્વમાં ધર્માત્માઓ, પુણ્યાત્માઓ. મહાત્માઓ, ઋષિમુનીઓની મહિમા જરૂર ગવાયેલી છે. પરંતુ રામ-સીતા, કૃષ્ણ-રાધા, લક્ષ્મી-નારાયણ, શંકર-પાર્વતિ, જેવા ગૃહસ્થી દેવી દેવતાઓ સમાન નહીં. આપણે તો તેમને ભગવાન માનીને પૂજા અર્ચના કરીએ છીએ. અગત્યની બાબત એ છે કે તેઓ બધા જ ગૃહસ્થી હતા, પ્રવૃત્તિશીલ હતા, ગુણોથી તેમજ સંપદાથી સમૃધ્ધ હતા.

સાચી જરૂરત છે આધ્યાત્મિક જ્ઞાનની સમજ દ્વારા આપણે વિકર્મોથી દૂર રહીએ અને આપણું દરેક કર્મ સુકર્મ કે અકર્મ બની રહે. પ્રવૃત્તિ દરમ્યાન ઈશ્વરની યાદની આદત હશે તો આપણું દરેક કર્મ સુકર્મ બની જશે. કારણકે ઈશ્વરની યાદમાં તેની શ્રીમત સમાયેલી છે, ઈશ્વરે આપેલા આધ્યત્મિક જ્ઞાનની સમજ હોય, તેમની યાદ મન-બુધ્ધિમાં સમાયેલી હોય, તેના હાથ અને સાથનો અનુભવ હોય તો આપણી દરેક પ્રવૃત્તિ સત્કર્મ તેમજ ઈશ્વરીય સેવામાં પરીવર્તન પામે છે. અને આગળના શ્રેષ્ઠ જન્મો માટે શ્રેષ્ઠ સંચિત કર્મ બની જાય છે.

એટલે સાર રૂપમાં આપણે સમજી લેવું જોઈએ કે કર્મ ત્યાગ કે કર્મ સન્યાસથી દૂર રહી તેમજ કર્મફળ પર અધિકાર જમાવ્યા વગર ઈશ્વરની યાદમાં કરેલું દરેક કર્મ શ્રેષ્ઠ કર્મ છે. બીજા શબ્દોમાં કર્મ કરતાં કરતાં કરેલી ઈશ્વરની યાદ જ સર્વોત્તમ છે, સર્વોત્તમ ફળ આપનારી છે. બ્રહ્માકુમારી વિશ્વ વિદ્યાલયમાં જે આધ્યાત્મિક જ્ઞાન તેમજ રાજયોગ મેડીટેશનની તાલીમ આપવામાં આવે છે તેનો મૂળ પાયોજ ઉપરોક્ત સત્ય છે.




------- 00000 -------